### વધારેલી મર્યાદા પહેલી સપ્ટેમ્બરથી અમલી ગણાશે

# ક્રિમિલેયરથી બાકાત રાખવા માટે મર્યાદા વધી આઠ લાખ

## સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકી ક્રિમીલેયરમાંથી બાકાત રાખવાની મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય કરાયો

અમદાવાદ, તા.૪

રાજ્યના વિદ્યાર્થીઓને ઘર આંગણે જ ઉચ્ચસ્તરનું શિક્ષણ સસ્તુ અને ઝડપથી મળી રહે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અનેકવિધ નિર્ણય કર્યા છે. વિદ્યાર્થીઓના હિતમાં સંવેદનશીલ મુખ્યમંત્રીએ અન્ય પછાતવર્ગો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઉન્નતવર્ગમાંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા ૬.૦૦ લાખથી વધારીને ૮.૦૦ લાખ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના અધિક સચિવ દ્વારા જણાવ્યાનુસાર રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઉન્નતવર્ગમાંથી બાકાત રાખવા માટેની આવક મર્યાદા ૬.૦૦ લાખ નિયત કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે આ મર્યાદા વધારીને ૮.૦૦ લાખ કરવાનો મહત્વનો નિર્ણય કરાયો છે. જેનો અમલ તા. ૦૧.૦૯.૨૦૧૭થી થશે. રાજ્ય સરકારની નોકરીઓ તથા ઉચ્ચ શિક્ષણ માટેની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ વખતે અનામતના લાભ માટે રાજ્ય સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે, જેનો લાભ લાખો વિદ્યાર્થીઓને થશે. ઉન્નત વર્ગ માટેની આ આવક મર્યાદા સિવાયની અન્ય શરતો અને જોગવાઈઓ યથાવત રહેશે. દરમિયાન રાજય સરકાર દ્વારા સરકારી અને બિન સરકારી ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો તથા શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જુદા જુદી યોજનાઓ હેઠળ મળવાપાત્ર શિષ્યવૃત્તિની રકમ તથા આવક મર્યાદા અને અરજી કરવા માટેની બાબતની જાણકારી મેળવી શકાય અને જેનો દરેક વિદ્યાર્થી તથા તેના વાલી વિસ્તૃત જાણકારી મેળવીને બહોળા પ્રમાણમાં લાભ લઈ શકે તે માટે કચેરીની વેબસાઈટ ઉપર વિગતો મુકવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના પોર્ટલ પર શિષ્યવૃત્તિની અરજી ઓન લાઈન કરવાની થાય છે. જે ધ્યાને લઈ તેનો લાભ લેવા જણાવાયું છે. પોર્ટલ ઉપર માત્ર ઓન લાઈન અરજી કરવાનો નિર્ણય લેવાયેલ હોઈ ઓફ લાઈન અરજી સ્વીકારવામાં આવશે નહીં તેમ વધુમાં જણાવાયું છે.

# તલોદના કેશરપુરા પાટીયા પાસે અકસ્માત સર્જાયો

## બે બાઈક ટકરાતા એકનુ ઘટના સ્થળે મોત, પોલીસ કર્મચારીની હાલત ગંભીર

તલોદ, તા. ૪

તલોદ તાલુકાના કેશરપુરા પાટીયા પાસે ગાંધી જયંતિના દિવસે પૂરપાટ ઝડપે બાઈક હંકારનાર સલાટપુરના પ્રકાશ પટેલે અન્ય બાઈકની ઓવરટેક કરવાની લાહ્યમાં સામેથી આવતી બાઈકને ટક્કર મારતા ગંભીર ઈજાથી પ્રકાશ પટેલનું સ્થળ ઉપર મોત નિપજ્યુ હતુ. જ્યારે અમદાવાદ પોલીસ વિભાગમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ વનરાજસિંહ ઝાલાને માથા તથા પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યા તેમની હાલત નાજુક બતાવાઈ રહી છે. બનાવ અંગે તલોદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તાલુકાના કેશરપુરા પાટીયા પાસે તા. ૨ના રોજ સલાટપુરનો બાઈકચાલક પ્રકાશ પટેલ (નં. જીજે.૦૯. સી.એસ.૪૪૯૭) લઈને ધૂમ સ્ટાઈલે રોડ ઉપરથી પસાર થઈ રહ્યો હતો. જે દરમ્યાન અન્ય બાઈકની ઓવરટેક કરવામાં સામેથી આવતી પોલીસકર્મીની બાઈકને ટક્કર મારતા બન્ને બાઈકચાલકે ફૂટબોલની જેમ હવામાં ઉછળી રોડ ઉપર પટકાતાં ગંભીર ઈજાથી પ્રકાશ પટેલનું સ્થળ ઉપર જ મોત નિપજ્યુ હતુ. જ્યારે હેડકોન્સ્ટેબલ વનરાજસિંહ ઝાલાને ઈજાઓ થતા તેમની હાલત ગંભીર બતાવાઈ રહી છે. બન્ને વાહનો ધડાકાભેર ટકરાતા રોડ લોહિથી લથબથ જોવા મળ્યો હતો. વાહનોની અવરજવરથી વ્યસ્ત રહેતા માર્ગ ઉપર અકસ્માતમાં પોલીસકર્મી ગંભીર રીતે ઘાયલ થયાનાં અહેવાલ મળતા તલોદ પોલીસ તાત્કાલિક અકસ્માતસ્થળે પહોંચી હતી. જ્યારે અન્ય લોકોના ટોળેટોળા સ્થળ પર મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા.

આ બનાવ અંગે અશોક રમણભાઈ પટેલની ફરીયાદના આધારે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આમ હજુ પણ ઘાયલ પોલીસકર્મી નાજુક હાલતમાં અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ છે. અકસ્માતના પગલે પોલીસે કેટલીક રિક્ષાઓ પણ ડીટેન કરી દેખાવ કર્યા હોવાનુ લોકોમાં કબુલાયુ છે.



ગાંધીનગરમાં મંત્રીશ્રીઓના નિવાસસ્થાનવાળો સમગ્ર વિસ્તાર આજકાલ મઘમઘે છે.... રાત-મધરાતે આ વિસ્તારમાં કચેરી કામે જવાનું થાય છે ત્યારે દિલ ખરેખર બાગ-બાગ થઈ જાય છે.. દિવસભરના કામનો બોજ અને થાક વૃક્ષો-પર્ણો અને પ્રકૃત્તિની ખુશબુમાં ક્યાંય વિલોપ થઈ જાય એવું સાચા અર્થમાં આહ્લાદક વાતાવરણ હોય છે. આ વિસ્તારમાં આજકાલ સપ્તપર્ણીનાં વૃક્ષ સોળે કળાએ ખિલ્યાં છે. સપ્તપર્ણીના વિશાળ વૃક્ષો ફૂલોના ગુચ્છથી રીતસર લચી પડ્યાં છે...શરદ ઋતુની ખુશનુમા રાત્રે તો સપ્તપર્ણીના શ્વેત પુષ્પોની ભીની ભીની સુગંધ મદહોશ કરી મુકવા કાફી છે. ફિલ્મ 'જિસ્મ' નું શ્રેયા ઘોષાલના સ્વરમાં ગવાયેલું ગીત - '' ચલો... તુમકો લેકર ચલેં , હમ ઉન ફિઝાંઓમેં... '' જો દિલથી સાંભળ્યુ હોય તો શ્રેયા ઘોષાલનું એ સૌ પ્રથમ ગીત સાંભળતાં દિલને અનુભવાતી મદહોશી આ સપ્તપર્ણીની સુવાસથી આપનું આખું અસ્તિત્વ ન અનુભવે તો કહેજો...!!! સપ્તપર્ણીના વૃક્ષ નીચે ઉભા રહીને ઉંડામાં ઉંડો શ્વાસ લઈને સુગંધ ભરી લેવા મથીએ ત્યારે ચોક્કસ લાગે કે, ફેફસાં છે તેનાં કરતાં પણ હજુ વધુ મોટાં અને વધુ ક્ષમતાવાળા હોવા જોઈએ...!!! સાહેબ, સપ્તપર્ણીના શ્વેત પુષ્પોની કુમાશ અને મૃદુતાનો ઠાઠ તો જુઓ, કે સાત-સાત પર્ણો જાણે ખોબો ધરીને પુષ્પગુચ્છને ઝીલીને ઉભા હોય એવું લાગે. શરદપૂનમની રાત્રે સહુ સ્નેહીજનોને શ્વાસમાં કોઈના મઘમઘતા ઉચ્છવાસ સી સપ્તપર્ણીની આ સુવાસ મુબારક...!!!

## કાંકરેજના યાત્રાધામ ટોટાણા ખાતે નવનિર્મિત પ્રવેશદ્વાર ખુલ્લુ મુકાયું

કાંકરેજ, તા. ૪

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ટોટાણા ગામે સંતશ્રી સદારામબાપુની સાનિધ્યમાં તેમના આશિર્વાદ લઈ કાંકરેજના ખસા ગામના વતની પટેલ અણદાભાઈ રામાભાઈ દ્વારા લાખો રૂપિયાના ખર્ચે ટોટાણા ગામનુ મુખ્ય પ્રવેશ દ્વાર બનાવી તા. ૪-૧૦-૧૭ના રોજ સંત શ્રી પૂજ્ય સદારામબાપુની હાજરીમાં વિધિવત ખુલ્લુ મુકાયું હતું. જેમાં રાજકિય અને સામાજીક આગેવાનો સહિત મોટી સંખ્યામાં ભક્તો અને ગ્રામજનો ઉમટી પડ્યા હતા.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વદરાડ ખાતે ગાંધીજયંતિ નિમિત્તે બાબા રામ દેવ પીરનું આખ્યાન યોજ્યું હતું. જેમાં ગ્રામજનો સહિત આજુબાજમાંથી લોકો આખ્યાનનો લાભ લેવા ઉપસ્થિત રહ્યા. પ્રાંતિજના વદરાડ ખાતે આવેલ વણકર વાસમાં ગાંધી જયંતી નિમિત્તે રાત્રીનાં સમયે બાબા રામદેવ પીર આખ્યાન મંડળ તથા નવ યુવક મંડળ વદરાડ દ્વારા આખ્યાન યોજાયું હતું જયારે યંત્ર યુગમાં પણ ટીવી તથા સિનીમાના પરદા કરતાં હજુ એ ધાર્મિક આખ્યાનનુ મહત્વ વધુ હોય તેમ મોટી સંખ્યામાં ગ્રામજનો તથા આજુબાજુના લોકો આખ્યાન સાંભળવા નિહાળવા ઉમટી પડ્યા હતાં અને ભકિતના રંગે રંગાયા હતાં. જયારે આ પ્રસંગે પ્રાંતિજ- તલોદ ના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા સદસ્ય રામસિંહભાઈ, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ , માઈ ઉપાસક પંકજભાઈ રાવલ, સરપંચ સહિત ગામનાં આગેવાનો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આશિષભાઈ, વિપુલભાઈ, દિલીપભાઈ વગેરે યુવાન મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ લિમિટેડનો આઈપીઓ ૯ ઓક્ટોબર, ૨૦૧૭ને સોમવારે ખુલશે અને ૧૧ ઓક્ટોબર, ૨૦૧૭ને બુધવારે બંધ થશે

### પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેરદીઠ ૧,૬૪૫ થી ૧,૬૫૦ નક્કી કરવામાં આવી

ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ લિમિટેડ ("કંપની" અથવા "ઈશ્યૂઅર")એ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૧૬નાં રોજ પ્રસ્તુત કરેલ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ("આરએચપી")માં પરિશિષ્ટ એમાં સામેલ વ્યક્તિઓ ("વિક્રેતા શેરધારકો") દ્વારા વેચાણની ઓફર મારફતે રોકડનાં બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૬,૦૬૫,૦૦૯ ઈક્વિટી શેર ("ઈક્વિટી શેર")નો આઈપીઓ ("ઓફર") ૯ ઓક્ટોબર, ૨૦૧૭નાં રોજ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. તેમાં પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧,૬૪૫થી રૂ. ૧,૬૫૦ છે. આ ઓફરમાં કંપનીની પોસ્ટ-ઓફર પેઈડ અપ ઈક્વિટી શેર કેપિટલનો ૨૦ ટકા સુધીનો હિસ્સો સામેલ હશે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧,૬૪૫થી રૂ. ૧,૬૫૦ નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ ૯ ઈક્વિટી શેર અને પછી ૯ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં કરી શકાશે. બિડ/ઓફર ૧૧ ઓક્ટોબર, ૨૦૧૭ને બુધવારે બંધ થશે.

કંપની સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઇશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯, જેમાં થયેલા સુધારા મુજબ (''સેબી આઇસીડીઆર રેગ્યુલેશન્સ'') બુક રનિંગ લીડ મેનેજર્સ ("બીઆર એલએમ") સાથે ચર્ચા કરીને એન્કર ઈન્વેસ્ટર્સની ભાગીદારીનો વિચાર કરી શકે છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફર પીરિયડ દરમિયાન એટલે કે બિડ/ઓફર ખુલવાની તારીખનાં એક કાર્યકારી દિવસ અગાઉ એન્કર ઈન્વેસ્ટર્સ બિડ કરશે.

ઓફરના બીઆરએલએમ એક્સિસ કેપિટલ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે.

## માસ ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિમિટેડનો આઈપીઓ ૬ ઓક્ટોબર, ૨૦૧૭ના ખુલશે, જેમાં પ્રત્યેક ૧૦ના ઈક્વિટી શેર માટે પ્રાઈસ બેન્ડ ૪૫૬ થી ૪૫૯ રહેશે

માસ ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિમિટેડ (કંપની) જે ગુજરાતમાં મુખ્યાલય ધરાવતી, વેપારમાં બે દાયકાથી વધુથી કાર્યરત એનબીએફસી છે, તે એની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ અથવા ઓફર) લાવશે, જે ૬ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ ખુલશે અને ૧૦ ઓક્ટોબર, ૨૦૧૭ના બંધ થશે અને જેમાં કંપનીના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા પ્રત્યેક ઈક્વિટી શેર (ઈક્વિટી શેર્સ) માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૪૫૬ થી રૂ. ૪૫૯ પ્રતિ ઈક્વિટી શેર રહેશે. એન્કર ઈન્વેસ્ટરનો બિડ/ઓફરનો સમયગાળો ૫ ઓક્ટોબર, ૨૦૧૭થી રહેશે, જે ઓફર ખુલવાની તારીખથી એક દિવસ અગાઉથી રહેશે.

આઈપીઓમાં રૂ. ૨,૩૩૦ મિલિયન સુધીનો નવો ઈશ્યુ (નવો ઈશ્યુ) અને રૂ. ૨,૨૭૦.૪૨ મિલિયન સુધીની સેલિંગ શેરહોલ્ડર્સની ઓફર ફોર સેલ સામેલ છે. ઓફર ફોર સેલમાં ડીઈજી-ડ્યુશન ઈન્વેસ્ટિશન્સ-અન્દ એન્ટવિકલંગ્સગેસેલ્સકાફ્ટ એમબીએચ (ડીઈજી)ની રૂ. ૧,૧૨૬.૬૩ મિલિયન સુધીની ઓફર ફોર સેલ, નેદરલેન્ડ ફાઈનાન્સિયરિંગ્સ-માત્સ્કાપ્પિજવૂરઓન્ટવિકલિંગ્સલંદન એન.વી. (એફએમઓ)ની રૂ. ૭૯૩.૩૮ કરોડની ઓફર ફોર સેલ અને સર્વ કેપિટલ એલએલસી (સર્વ કેપિટલ અને ડીઈજી તથા એફએમઓ સહિત, સેલિંગ શેરહોલ્ડર્સ)ની રૂ. ૩૫૦.૪૧ મિલિયન સુધીની ઓફર ફોર સેલ સામેલ છે. (ઓફર ફોર સેલ), ઓફરમાં પાત્ર કર્મચારીઓ માટે રૂ. ૭૦ મિલિયન સુધીનો અનામત હિસ્સો સામેલ છે. (જેપછી સ્પષ્ટ કરાશે) (કર્મચારી માટે અનામત હિસ્સો). કર્મચારીઓ માટેના અનામતના હિસ્સાને બાદ કરતાં રહેતી ઓફરને નેટ ઓફર સંબોધવામાં આવી છે. કંપનીએ બીઆરએલએમ સાથેની સંતલસ અનુસાર ૩૯,૯૦,૪૨૨ ઈક્વિટી શેર્સનું રૂ. ૧,૩૫૦.૦૦ મિલિયન જેટલા મૂલ્યે પ્રાઈવેટ પ્લેસમેન્ટ (પ્રિ-આઈપીઓ પ્લેસમેન્ટ) હાથ ધર્યુ છે. ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સમાં જણાવેલું નવા ઈશ્યુનું કદ એ પ્રમાણે ઘટ્યું છે.

## યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. અલબત્ત એસએલઆરને ૦.૫ ટકા ઘટાડીને ૧૯.૫ ટકા કરવામાં આવ્યો હતો. બીજી બાજુ રિઝર્વ બેંકે જીડીપી ગ્રોથના અંદાજિત દરને ૦.૬ ટકા ઘટાડી દીધો છે. રિઝર્વ બેંકના કહેવા મુજબ નાણાંકીય વર્ષ ૨૦૧૮માં દેશમાં જીડીપી દર ૬.૭ ટકાના દરે વધી શકે છે. એમપીસીના સભ્ય પ્રોફેશર ધોળકિયાએ ઓછામાં ઓછા ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવા માટેનો અંદાજ મુક્યો હતો પરંતુ સમિતિએ તેમની વાત સાંભળી ન હતી. રિઝર્વ બેંકના ગ્રોથના અંદાજને ૬.૭ ટકા કરી દેવામાં આવ્યો છે જે અગાઉ ૭.૩ ટકા દર્શાવવામાં આવ્યો હતો. આરબીઆઈએ તેની નીતિ સમીક્ષામાં સાફ શબ્દોમાં કહ્યું છે કે, કૃષિ લોન માફીના પરિણામ સ્વરુપે ગ્રોથ ઉપર અસર પડશે. કેન્દ્રીય બેંકે એમ પણ કહ્યું છે કે, કેન્દ્ર સરકારે પોતાના કર્મચારીઓને જે એચઆરએ આપ્યો છે તે ખર્ચ થયાની સ્થિતિ અર્થતંત્રમાં તેજી આવશે. રિઝર્વ બેંકે ઓક્ટોબર-માર્ચ ત્રિમાસિક ગાળામાં મોંઘવારીનો દર ૪.૨-૪.૬ ટકા રહેવાનો અંદાજ મુક્યો છે.

તેના કહેવા મુજબ જાન્યુઆરીથી માર્ચ ત્રિમાસિક ગાળામાં મોંઘવારીનો દર ૪.૬ ટકા રહી શકે છે. રિઝર્વ બેંકે કન્ઝ્યુમર મોંઘવારી દર ચાર ટકા સુધી રોકી દેવા માટે ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. અત્રે નોંધનીય છે કે, છેલ્લી વખતે ઓગસ્ટ મહિનામાં બીજી તારીખે નાણાંકીય નીતિ સમીક્ષા બાદ રિઝર્વ બેંકે રેપોરેટ અને રિવર્સ રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. અલબત્ત કેન્દ્ર સરકારે આશા વ્યક્ત કરી છે કે, નાણાંકીય નીતિ સમીક્ષામાં પણ નીતિગત દરોમાં ફેરફાર થઈ શકે છે.

## વધુ એક ઝટકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સળગાવી અને નાશ કરવામાં આવી રહ્યો છે. આ માટે વારંવારની રજુઆતો પછી ત્રણ વખત અલગ અલગ સ્થાનો પર જગ્યા ફાળવવામાં આવી છે પરંતુ સ્થાનિક વિરોધને પગલે તેમાં રૂકાવટ ઉભી થઈ રહી છે.

પેથાપુર નગરપાલિકાએ આ સાઈટ માટે જગ્યાની ફાળવણી કરવામાં આવી હોવાની જાણ થતાં જ સર્વાનુમતે સરક્યુલર ઠરાવ કરી વિરોધ નોંધાવ્યો હતો. આ પછી નગરપાલિકાએ રસ્તા રોકો આંદોલનની ચેતવણી આપતાં પુનઃ એક વખત લેન્ડ ફિલ્ડ સાઈટનો મુદ્દો અટવાઈ જવા પામ્યો છે.

## ક્રિકેટ મેદાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠેકાણે રમાય તે માટે માર્ગ મકાન વિભાગ દ્વારા આ મેદાનને અઘતન બનાવાનો નિર્ણય લેવાયો છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા જીમખાનાનુ કામ હાથ ધરાયુ છે. ગત જુન મહીનાથી જ જીમખાનાની કામગીરી શરૂ કરવાની હતી પરંતુ વરસાદ સતત ચાલુ હોવાથી કામગીરીમાં અવરોધ ઉભો થયો હતો. જેના લીધે હવે વરસાદી દિવસોનો અંત આવતા જીમખાનાને નવા રૂપરંગ આપવાનુ કામ હાથ ધરાયુ છે. જીમખાનામાં નવા ક્રિકેટ મેદાન ઉપરાંત સ્ટેડિયમનુ કામ હાથ ધરાશે. મેદાનને અનુલક્ષી નવી પીચ તૈયાર કરવા માટે નિષ્ણાંતોનો અભિપ્રાય લેવામાં આવ્યો છે. જયારે ભાવિ સમયમાં આ મેદાન પર ઉચ્ચ કક્ષાની ક્રિકેટ મેચ પણ રમી શકાય તે મુજબની પેટર્ન પર સ્ટેડિયમ વિકસાવાનુ કામ હાથ ધરાયુ છે. જીમખાના મેદાનને નવી ઢબે વિકસાવવા ઉપરાંત ખેલાડીઓ માટે નવા રૂમ પણ આ ઠેકાણે તૈયાર કરાશે. જયારે ક્રિકેટના ખેલાડીઓને આનુસંગિક તમામ સુવિધાઓ મળી રહે તે મુજબનુ આયોજન કરવામાં આવશે. જીમખાના મેદાનની કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫.૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આગામી એક વર્ષમાં મેદાનનુ કામ પુર્ણ કરી દેવાશે. છેલ્લા ત્રણ મહીનાથી જીમખાનાનુ કામ અટવાયુ હતુ. સતત વરસાદના લીધે કામ શરૂ કરી શકાયુ ન હતુ. જયારે વરસાદી દિવસોના અંતે હવે જીમખાનાને અઘતન બનાવાના કામને ગતિ આપવામાં આવી છે.

## કોરમના અભાવે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠક શરૂ થવાની થોડીક મિનિટો પહેલાં જ અન્ય ચેરમેનો પંચાયત સંકુલ છોડી ગયા હતા. તો મહિલા સદસ્યાના પરિવારના એક મોભી પંચાયત પ્રમુખ સાથે પંચાયત સંકુલ છોડી ગયા હતા.

આજની અપીલ સમિતિની બેઠકમાં ૧૨થી પણ વધુ કેસોની સુનાવણી હાથ ધરવામાં આવનાર હતી પરંતુ રાજકીય ખેંચતાણને કારણે કે પછી અન્ય કારણોસર સમિતિની બેઠક માટેનું કોરમ થયું ન હતું.

આ તબક્કે જિલ્લા કોંગ્રેસ સમિતિના કેટલાક વડીલો પણ પંચાયત સંકુલમાં હાજર હતા તેઓ પણ લેવાયેલા આ નિર્ણયની જાણ થતાં ચોંકી ઉઠયા હતા. પંચાયતનું રાજકારણ આમેય છેલ્લા કેટલાક દિવસોથી ગરમાયેલું જોવા મળી રહ્યું છે.

જિલ્લા પંચાયતમાં અગાઉ પણ કેટલીક સમિતિઓની બેઠકો મુલત્વી રહી છે એટલું જ નહિ છેલ્લી ઘડીએ તારીખોમાં ફેરફાર કરી નવેસરથી બેઠકો બોલાવવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

## ધક્કા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલીસભવન ખાતેથી આજે સીટીજન પોર્ટલનુ લોન્ચીંગ કરવામાં આવ્યુ હતુ. gujhome.gujarat.gov.in પરથી પોર્ટલમાં પોતાની નોંધણી કરાવ્યા બાદ કોઈપણ નાગરીક તે યુઝર આઈડી અને પાસવર્ડથી પોલીસ સ્ટેશનને લગતા મોટા ભાગના કામો ઓનલાઈન કરી શકશે. ચોરીની અરજી, ગુમ થયેલી વ્યક્તિની અરજી, સિનિયર સીટીઝનની નોંધણી, ડ્રાઈવર, ઘરઘાટી, ભાડુઆતની નોંધણી, એનઓસી, પોલીસ ચકાસણીનું પ્રમાણપત્ર, એફઆઈઆરની કોપી, ગુમ થયેલી વ્યક્તિઓની માહિતી, ચોરાયેલી તથા પાછી મળેલી મિલ્કતની માહિતી, ધરપકડ કરાયેલી કે વોન્ટેડ વ્યક્તિઓની માહિતી, બિનવારસી લાશની માહિતી, સહિતની વિવિધ સેવાઓ આ પોર્ટલના માધ્યમથી મેળવી શકાશે.

## હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

''શું વાત કરો છો સાહેબ..!?! કમાવાના ક્યાંથી... આ તો બધા સેવા માટે આવે છે..!''

''એ જમાનો તો ગયો સેવાનો..! હવે તો જમાનો છે મેવાનો..! ધારાસભ્ય કે સંસદસભ્ય થઈ જાઓ... એટલે બખ્ખે-બખ્ખા..!! દસેય દિશાઓમાંથી પૈસા આવે..!!''

''તમે એવું કેવી રીતે કહી શકો..?!''

''આ બે દિવસના છાપાઓમાં વાંચને ભાઈ..!! એક સંસદ સભ્યની સંપત્તિમાં વીસ હજાર ગણો વધારો..!! આવા એક નથી અનેક છે..!! બે ગણીથી બે હજાર ગણી સંપત્તિ વધે તેને બખ્ખમ-બખ્ખા જ કહેવાયને..!?! ને આ આંકડા મારા નથી... ઉમેદવારી પત્ર ભરતા કરાતી એફીડેવીટના આંકડા છે..!! હવે તું ચક્કરની દવા લઈ લે..!!'.

''સાહેબ... હું તો દવા લઈ લઈશ પણ આ પ્રજાને ચક્કર આવે છે... એનુ શું..?! હવે વાતોના વડા કરે પાલવે તેમ નથી..!! દંભી-ભ્રષ્ટ-જુઠ્ઠા, લુચ્ચા રાજકારણીઓને ચકરાવે ચડાવવાનો સમય આવી ગયો છે..! હું પણ અવાજ ઉઠાવીશ... અને તમે પણ..!!''

- નિમિત્ત માત્ર

## મનનાં ઉમંગો

● ૪ પાનાનું ચાલુ...

શ્રી યાજ્ઞિકસાહેબ કોલેજ અને યુનિવર્સિટીમાં ઉચ્ચ સ્થાનોએ પહોંચ્યા પછી આર્થિક પ્રલોભનોથી હંમેશા દૂર રહ્યા. નિવૃત્ત થયા ત્યારે મળેલી થેલીની રકમ તેમણે લોકભારતી, સણોસરાને આપી દીધી હતી. મુંબઈમાં કેટલીયે સંસ્થાઓના કાર્યક્રમોમાં તેમને જવાનું થતું. ત્યારે તેમને લાવવા મૂકવા જવાની વ્યવસ્થા થઈ હોય તો ઠીક નહીંતર તેઓ પોતાના ખર્ચે કાર્યક્રમના સ્થળે પહોંચી જતા અને ભાડાભથ્થાની કોઈ અપેક્ષા રાખતા નહીં. કોઈ કાર્યક્રમમાં મુખ્ય વ્યક્તિ આવી શકે તેમ ના હોય અને તેમને કહેવામાં આવે તો સ્વમાન અને ગૌરવનો પ્રશ્ન બનાવ્યા વગર નિમંત્રણ સ્વીકારી લઈ મુશ્કેલીમાં મદદરૂપ થતા. અત્યારે દિવસમાં ત્રણચાર વાર કપડાં બદલતા હોવા છતાં પોતાની જાતને ગરીબોના બેલી ગણતા નેતાઓને જોઉં છું ત્યારે ચોળાયેલાં પહેરણ અને ધોતિયું બે દિવસ પહેરી મીટિંગમાં બેસનારા શ્રી યાજ્ઞિક સાહેબ સામે મારું મસ્તક ઝૂકી જાય છે. વાતે વાતે આમ જીવ બાળવાનો કોઈ અર્થ નથી .આવો, એક સરસ ગીત સંભળાઉ.

ચમેલીને ઠપકો
ચટકીલી મોરી ચમેલડી રે,
લૂમે ઝૂમે લટક્યાં ફૂલ, 'લી ચમેલડી !
ઝાઝાં ઉછાંછળાં ના થૈએ જી રે,
માનભર્યાં મોઘમમાં રૈએ 'લી ચમેલડી !
ગોપવીએ ગોઠડીને હૈયે જી રે,
ખીલે સરવર પોયણી, રમે ચન્દ્ર શું રેનઃ
પરોઢનો પગરવ થતાં, લાજે બીડે નેન.
ચટકીલી મોરી ચમેલડી રે,
ઝાઝાં ના ગંધ ઢોળી દૈએ, 'લી ચમેલડી !
જોબનને ધૂપ ના દૈએ જી રે,
ચટકીલી મોરી ચમેલડી રે,
વાયરાના વાદ ના લૈએ, 'લી ચમેલડી !
ઘેર ઘેર કહેવા ના જૈએ જી રે,
સ્વાતિમાં સિપોણીએ જલબિંદુ ઝિલાયઃ
વિશ્વ ભેદ જાણે નહીં મોતી અમૂલખ થાય !
ચટકીલી મોરી ચમેલડી રે,
ભમરાની શી ભૂલ ,'લી ચમેલડી !
પોતે જો ઢંગે ના રૈએ જી રે
'ચટકીલી મોરી ચમેલડી રે,
રૂપના રખોપાં શીખી લૈએ ,'લી ચમેલડી !
દૂજાંને દોષ ના દૈજે જી રે.

-બાલમુકુન્દ દવે